# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને **ITI** ના તાલીમાર્થીઓને જણાવવાનું કે ચાલુ વર્ષે **ITI** ના GCVT/NCVT અભ્યાસક્રમના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ ધોરણ-૧૨નું શૈક્ષણીક સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી શકે તેવા હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ અંગ્રેજી (દ્વિતીય ભાષા-૦૧૩)ની પરીક્ષા માટેના આવેદનપત્રો ભરાયેલ છે, તેની પરીક્ષા તા.03/૧૦/૨૦૨૧ રવિવારના રોજ ૧૧.00 કલાકે લેવામાં આવશે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટીકીટ) તા.૨૪/૦૯/૨૦૨૧ બપોરે ૧૨:00 કલાકથી બોર્ડની વેબસાઈટ **gen.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગઈન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર (હોલટીકીટ)ની પ્રિન્ટ કાઢીને આવેદનપત્ર મુજબની વિગતની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીના સહી-સિક્કા (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે અને તેની સાથે પરીક્ષાર્થીને પરીક્ષા માટેની સૂચનાપ્રતની પ્રિન્ટ આચાર્યશ્રીએ સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટીકીટ) સાથે ઓનલાઈન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટીકીટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની સહી લેવાની રહેશે. પરીક્ષાર્થીની કોઇ વિગત બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો. પરીક્ષા રાજયના કુલ -૧૮ પરીક્ષા કેન્દ્રોએ લેવામાં આવશે. આ પરીક્ષા કેન્દ્રો અને તેમાં સમાવેશ થતા જિલ્લાની યાદી અખબારી યાદી સાથે સામેલ છે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

તા – ૧૮/૦૯/૨૦૨૧, શનિવાર

સ્થળ - ગાંધીનગર

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## ITI ના તાલીમાર્થીઓ માટે યોજાનાર અંગ્રેજી(૦૧૩) વિષયની ઓક્ટોબર-૨૦૨૧ના પરીક્ષા કેન્દ્રોની જિલ્લાવાર યાદી

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર | પરીક્ષા કેન્દ્રમાં સમાવિષ્ટ જિલ્લા |
|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | અમદાવાદ શહેર |
| | | અમદાવાદ ગ્રામ્ય |
| | | ગાંધીનગર |
| ૨ | બનાસકાંઠા (પાલનપુર) | બનાસકાંઠા |
| ૩ | પાટણ | પાટણ |
| ૪ | મહેસાણા | મહેસાણા |
| ૫ | સાબરકાંઠા (હિંમતનગર) | સાબરકાંઠા |
| | | અરવલ્લી |
| ૬ | ખેડા (નડીયાદ) | ખેડા |
| ૭ | પંચમહાલ (ગોધરા) | મહીસાગર |
| | | પંચમહાલ |
| | | દાહોદ |
| ૮ | વડોદરા | વડોદરા |
| | | છોટા ઉદેપુર |
| ૯ | આણંદ | આણંદ |
| ૧૦ | સુરત | સુરત |
| | | તાપી |
| ૧૧ | ભરૂચ | ભરૂચ |
| | | નર્મદા |
| ૧૨ | નવસારી | નવસારી |
| | | ડાંગ |
| | | વલસાડ |
| ૧૩ | રાજકોટ | રાજકોટ |
| | | સુરેન્દ્રનગર |
| | | મોરબી |
| ૧૪ | ભાવનગર | અમરેલી |
| | | ભાવનગર |
| | | બોટાદ |
| ૧૫ | જામનગર | જામનગર |
| ૧૬ | દેવભૂમિ દ્વારકા (જામ ખંભાળિયા) | દેવભૂમિ દ્વારકા |
| ૧૭ | જુનાગઢ | પોરબંદર |
| | | જુનાગઢ |
| | | ગીર સોમનાથ |
| ૧૮ | કચ્છ-ભુજ | કચ્છ-ભુજ |